# હસતો શિક્ષક સારો લાગે

ગત અઠવાડિયે તાલીમાર્થીઓના પાઠનું નિરીક્ષણ કરતો હતો. એક બેન પાઠ આપતા હતાં. અવાજ ખૂબ જ સારો, આરોહ-અવરોહ, વાક્છટા સારાં, છટાં કશુંક ખૂટતું હોય તેવું સતત અનુભવ્યું. આ ખોટ હતી મોઢાં પરના હાસ્યની. જો બેનશ્રીએ હસતાં મુખે પાઠ આપ્યો હોત તો મજા આવી જાત. અંતે તેમની નોંધપોથીમાં મારાથી લખાઇ ગયું, " હસતો શિક્ષક સારો લાગે". અ બેન સાથે સમૂહમાં ચર્ચા કરી, તમામ તાલીમાર્થીઓને અહેસાસ પણ થયો કે, મોંઢું ભારે રાખી ગંભીર બનતો શિક્ષક સહેજ પણ સારો લાગતો નથી. તેને કોઇ પસંદ કરતું નથી. વધારે પડતી ગંભીરતા વિદ્યાર્થી અને શિક્ષક વચ્ચે અંતર વધારે છે. જેટલું અંતર વધારે એટલું પ્રત્યાયન ઓછું.

શિક્ષકનું કામ વિદ્યાર્થીઓને માત્ર ભણાવવાનું જ નથી, પણ ભણવા માટે ઉત્તેજીત કરવાનું પણ છે. મારી દ્દષ્ટિએ તો શિક્ષણમાં ઉપરોક્ત પ્રથમ કામ કરતાં બીજું કામ વધારે અગત્યનું-મહત્ત્વનું છે. એટલે કે, વિદ્યાર્થીઓને ભણાવ્યા કરતાં ભણવા માટે ઉત્તેજીત કરવા તે વધારે મહત્ત્વનું કામ છે. કારણ કે, જો વિદ્યાર્થી શીખવા-ભણવા માટે ઉંત્તેજીત હશે તો તે શિક્ષકની હાજરીમાં તો શીખશે, પણ શિક્ષકની ગેરહાજરીમાં પણ શીખવાનું ચાલુ રાખશે. તે આપમેળે ઘણું ઘણું શીખશે. વિદ્યાર્થીને આપમેળે શીખતો કરવો એ જ શિક્ષણની ખરી પ્રક્રિયા છે. પણ આજના વર્ગખંડમાં મોટાભાગના શિક્ષકો એમ માને છે કે, અમે શીખવીએ તો જ વિદ્યાર્થીને આવડે. ત્યારે કહેવાની ઇચ્છા થાય કે, અરે ભાઇ, તમે જે શીખવો છો તેના કરતાં ઘણું વધું તમે જે નથી શીખવ્યું તે તેને આવડે છે. એના પરથી જ નકકી કરો કે, તે જાતે વધુ શીખે છે કે તમે શીખવાડો છો તેનાથી વધુ શીખે છે? માટે જ પેલી ભૂલ ભરેલી માન્યતામાંથી ઝડપથી બહાર ।વી જાવ કે, હું શીખવાડું તો જ તેમને આવડે. શિક્ષકનું ખરું કામ માર્ગદર્શન આપવાનું છે, વિદ્યાર્થીને જાતે કરવા દો – જાતે શીખવા દો. આમ કરતાં તેને પ્રાપ્ત કરેલ જ્ઞાન કે ડહાપણ તેને લાંબો સમય યાદ રહેશે અને વધુ ઉપયોગી થશે. વિદ્યાર્થીને જાતે શીખવા માટે પ્રેરણા આપો. આ પ્રેરણા માત્ર શબ્દોથી નહીં આવે, શબ્દોની સાથે તર્ક ભરેલો હશે તો પણ નહી આવે. શબ્દોની સાથે હાસ્ય-સ્મિત હશે તો જ વિદ્યાર્થીઓ તમારી વાત વિશ્વાસપૂર્વક સરળતા અને આત્મિયતાથી સ્વીકારશે.

શિક્ષક વર્ગખમડમાં શીખવતો હોય ત્યારે જો તેના ચહેરા પર સ્મિત હશે તો વિદ્યાર્થીને શિક્ષક વધારે પોતીકો લાગશે. તેને શિક્ષક સાથે વાત કરવાનું કે પૂછવાનું ગમશે. પોતાની જરૂરિયાત, સમસ્યા કે મૂંઝવણ શિક્ષક સામે સરળતાથી રજૂ કરશે. આમ કરતાં શિક્ષણની પ્રક્રિયા સ્વાભાવિક અને સાહજિક બનશે. હાસ્ય એ તો સામેના પાત્રના હ્રદયમાં પ્રવેશ કરવાનો ટૂંકો અને સરળ માર્ગ છે. શિક્ષક વિદ્યાર્થીથી અલિપ્ત રહીને ક્યારેય કશું જ શીખવી ન શકે. વિદ્યાર્થીને શીખવવા કે પ્રેરણા આપવા તેના હ્રદય સુધી પહોંચવું પડે અને પોતાના હ્દય સુધી વિદ્યાર્થીને ખેંચી લાવવા પડે. આ માટે ચહેરા પરનું સ્વાભાવિક સ્મિત જ શિક્ષકને ઉપયોગી થઇ પડશે. શિક્ષકે પૂછેલા પ્રશ્નનો જવાબ ન આપી શકનાર વિદ્યાર્થી પાસે હસતાં હસતાં જાવ અને થોડું પ્રોત્સાહન આપો અને ખાતરી કરી જૂઓ કે વિદ્યાર્થીમાં થોડી જ સેકન્ડમાં કેટલું પરિવર્તન આવી ગયું હોય છે. ભલે તેને સાચો જવાબ નહીં આવડતો હોય તો પણ તે જવાબ આપવા પ્રયત્ન કરશે. ન બોલતું બાળક પણ શિક્ષકના એક સ્મિતથી બોલવા લાગશે, ઊભું ન રહી શકતું બાળક શિક્ષકના સ્મિતથી દોડવા લાગશે.

દિવસ દરમિયાન નાના મોટા કામ કે પ્રશ્નો લઇને વિદ્યાર્થીઓ શિક્ષક પાસે આવતા હોય છે. ત્યારે કેટલાક શિક્ષકો વિદ્યાર્થીની પૂરી વાત સાંભળ્યા વગર જ અનુમાન કરીને વિદ્યાર્થી સાથે કઠોર વર્તન કરતા હોય છે. વિદ્યાર્થીઓને ધમકાવતા હોય છે. આ વખતે તેમનો ચહેરો વિદ્યાર્થીઓને રાક્ષસ કરતાં પણ વધારે કદરૂપો લાગતો હોય છે. તો આવો કદરૂપો ચહેરો ધારણ કરીને વિદ્યાર્થીના દિલથી દૂર જવાની કોઇ જરૂર ખરી? આવા શિક્ષકોથી વિચર્થીઓ દૂર જ રહેતા હોય છે. વળી પાછા આ શિક્ષકો આ માટે ગૌરવ પણ અનુભવતા હોય છે. કે જૂઓ મારી પાસે કોઇ વિદ્યાર્થી ફરકી જ ન શકે. આવા શિક્ષકો જેટલા વહેલા નિવૃત થાય તેટલું વિદ્યાર્થી અને શિક્ષણનું હિત વધાર સચવાશે. શિક્ષક સામે જ્યારે કોઇપણ વિદ્યાર્થી આવે ત્યારે તેને હસતાં મોંઢે આવકાર આપો, તેને સાંભળો અને પછી તમે તમારો અભિપ્રાય આપો. તમારો અભિપ્રાય વિદ્યાર્થીને પસંદ આવે તેવો નહીં હોય તો પણ તે હસતાં મોઢે સ્વીકારી લેશે. શિક્ષકે વિદ્યાર્થી સાથે હસીને વાત કરવાની છે, એનો અર્થ એ પણ નથી કે તેણે ગાંડા માણસની જેમ આખો દિવસ મોટા મોટા અવાજ સાથે હસવાનું છે. હસવામાંથી ખસવું ન થાય તે જોજો. છોકરાઓ તમારા માંતે ટપલી મારી ન જાય તે પણ જોજો. ઘરની કે અન્ય સામાજિક-આર્થિક સમસ્યાઓ શિક્ષકના જીવનમાં પણ આવે. કારણકે શિક્ષક પણ એક સામાજિક જવાબદાર વ્યક્તિ છે. પણ આ સમસ્યાઓની અસર શાળાના કેમ્પસમાં ન થાય તેટલા પરિપકવ અને શાણા થવું તે શિક્ષક માટે અતિઆવશ્યક છે. નહીં તો તમારી સમસ્યાઓ તમારા વિદ્યાર્થી તમારા ચહેરા પરથી વાંચી લેશે અને ઘેર જઇને પોતાના વાલી કે મિત્રો સાથે ચર્ચા પણ કરશે. વિદ્યાર્થીઓ શિક્ષકની સારી અને નરસી બંને બાબતોની વાત પોતાના વાલીને અવશ્ય કરતા જ હોય છે. આમ વિદ્યાર્થીઓ શિક્ષકની પ્રતિભાના પ્રચારક છે. પછી શિક્ષકે જ નકકી કરવાનું છે કે તેને કેવા પ્રકારનો પ્રચાર જોઇએ છે. શિક્ષકે પોતાની સમસ્યા પોતાના પૂરતી જ રાખવી જોઇએ છે. જે દિવસે એમ લાગે કે સમ્સયાઓથી વધાર ઘેરાયેલો છું, તો તે દિવસે ઉદાસ ચહેરો લઇને શાળા-કોલેજમાં આવવું તેના કરતાં રજા મૂકીને ઘેર રહેવું વધારે હિતકારી છે. હાસ્ય-સ્મિત તો શૈક્ષણિક સાધન છે. જેના થકી શિક્ષક વિદ્યાર્થીમાં આસાનીથી હકારાત્મકત્મક પરિવર્તન લાવી શકે છે. આ પરિવર્તન કરવા શિક્ષક જ્યારે શાળા કે વર્ગખંડમાં જતો હોય ત્યારે સ્મિતરૂપી શૈક્ષણિક સાધન લીધા સિવાય જાય તે કેમ ચાલે ? સ્મિત-હાસ્ય રૂપી શૈક્ષણિક સાધન શિક્ષકે પોતાના ગજવામાં સતત રાખવાનું છે. જેની જરૂર વર્ગખંડ, સ્ટાફરૂમ, મેદાન કે વાલી સાથે સતત પડવાની જ છે.